# ભગવાન બિરસા મુંડાની 150મી જન્મ જયંતી વર્ષ
# જનજાતિય ગૌરવ દિવસ-2024

નિમિત્તે

**આદિજાતિ વિકાસ વિભાગ, નવા સચિવાલય- ગાંધીનગર,**
**કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી, બિરસા મુંડા ભવન- ગાંધીનગર**
**ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી, બિરસા મુંડા ભવન- ગાંધીનગર**
**જિલ્લા કલેક્ટરશ્રીની કચેરી- મહીસાગર અને પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી- મહીસાગર**

સંયુક્ત ઉપક્રમે આયોજિત

# "આદિજાતિ જન ઉત્કર્ષ મહોત્સવ-2024"

## કાર્યક્રમનો અહેવાલ

તા.6-7 ડિસેમ્બર, 2024

અહેવાલ લેખન- ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી- ગાંધીનગર




કાર્યક્રમનું સ્થળ

ઇન્દિરા મેદાન, લુણાવાડા, જી. મહીસાગર

# "આદિજાતિ જન ઉત્કર્ષ મહોત્સવ-2024"

## કાર્યક્રમનો અહેવાલ



'ભગવાન બિરસા મુંડાની 150 મી જન્મ જયંતી વર્ષ' અને 'જનજાતિય ગૌરવ દિવસ-2024' નિમિત્તે તા.6-7 ડિસેમ્બર, 2024 દરમિયાન આદિજાતિ વિકાસ વિભાગ-ગાંધીનગર, કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ-ગાંધીનગર, ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી-ગાંધીનગર, જિલ્લા કલેક્ટર કચેરી, લુણાવાડા (જિ. મહીસાગર) અને પ્રાયોજના વહીવટદારશ્રી કચેરી, લુણાવાડા (જિ.મહીસાગર) સંયુક્ત ઉપક્રમે "આદિજાતિ જન ઉત્કર્ષ મહોત્સવ-2024" અને "ડો.બાબાસાહેબ આંબેડકરનો મહાપરીનિર્વાણ દિવસ" અંતર્ગત 'આદિજાતિ વિકાસ ગાથા અને સાંસ્કૃતિક પ્રદર્શન' કાર્યક્રમ ઇન્દિરા મેદાન, લુણાવાડા (જી.મહીસાગર) ખાતે યોજાઈ ગયો.

આજે તા.6-12-2024 એટલે ડો.બાબાસાહેબ આંબેડકરનો મહાપરીનિર્વાણ દિવસ. આ દિવસે ડો.બાબાસાહેબને શ્રદ્ધાંજલિ આપવા માટે વાસિયા તળાવ અને ડો.આંબેડકર ભવન ખાતે ડો.બાબાસાહેબ આંબેડકરના સ્ટેચ્યુને આદિજાતિ કેબિનેટ મંત્રીશ્રી ડો.કુબેરભાઈ ડીંડોર દ્વારા સુતરની આટી અને ફૂલોની માળા પહેરાવીને શ્રદ્ધા સુમન અને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મહીસાગર અને દાહોદ જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી અને સભ્યશ્રીઓ, જિલ્લા કલેકટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી, પ્રાયોજના વહીવટદારશ્રી, ટી.આર.આઈ.ના નિયામકશ્રી, જિલ્લા પંચાયતની વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ અને સભ્યશ્રીઓ અને સ્થાનિક આગેવાનોએ ઉપસ્થિત રહી પુષ્પાંજલિ અર્પણ કરી હતી.






ત્યારબાદ પી. એન. પંડ્યા કોલેજ ખાતે ડો.કુબેરભાઈ ડિંડોરના હસ્તે 'ધરતી આબા ભગવાન બિરસા મુંડા રથ' ને આવકાર અને સ્વાગત કરી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ રથ સાથે પી. એન. પંડ્યા કોલેજ થી ઇન્દિરા મેદાન સુધી રેલી કાઢવામાં આવી. આ રેલીમાં ભગવાન બિરસા મુંડાની જન્મ જયંતી, આદિવાસી ગૌરવ દિવસ, ડો.બાબાસાહેબ મહાપરીનિર્વાણ દિવસ સંદર્ભમાં નારાઓ લગાવવામાં આવ્યા હતા. આ રેલીમાં ઉકત મહાનુભાવો અને 1500 થી વધુ આદિવાસી સમુદાયના લોકો જોડાયા હતા.




'આદિજાતિ જન ઉત્કર્ષ મહોત્સવ-2024' કાર્યક્રમનો પ્રારંભ ભગવાન બિરસા મુંડા, ડો.બાબાસાહેબ આંબેડકર, ભારત માતા અને આદિવાસી દેવી-દેવતાઓના પૂજન દ્વારા કરવામાં આવ્યો. ત્યાર પછી આ કાર્યક્રમમાં પધારેલ અધ્યક્ષશ્રી, મહાનુભાવો, મહેમાનો અને સ્થાનિક આગેવાનોને જિલ્લા કલેકટરશ્રી દ્વારા શાબ્દિક આવકાર આપવામાં આવ્યો. તેમજ જિલ્લા કલેકટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી અને પ્રાયોજના વહીવટદારશ્રી અને અન્ય અધિકારીશ્રીઓ દ્વારા સૌ મહાનુભાવોનું મોમેન્ટો અને પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું.

આદિજાતિ કેબિનેટ મંત્રીશ્રી ડો.કુબેરભાઈ ડીંડોર એ અધ્યક્ષીય ઉદબોધન આપતા જણાવ્યું કે માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ વર્ષ-2021 થી 15 મી નવેમ્બરે 'ભગવાન બિરસા મુંડાના જન્મ દિવસ'ને "જનજાતિય ગૌરવ દિવસ" તરીકે મનાવવાની શરૂઆત કરેલ છે. ત્યારથી ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા 15 મી નવેમ્બરને "જનજાતિય ગૌરવ દિવસ" તરીકે ઉજવીએ છીએ. ભગવાન બિરસા મુંડાએ અંગ્રેજો સામે લડત લડી અને શહીદી વહોરીને આજે આદિજાતિ સમુદાયના ભાઈઓ-બહેનોને ગૌરવ-સન્માન અપાવ્યું છે.



ડો.કુબેરભાઈએ વધુમાં જણાવ્યું કે આદિજાતિ સમુદાયના લોકોનો સર્વાંગી વિકાસ કરવા માટે સરકાર સતત નવી યોજનાઓ લોન્ચ કરીને તેમના વિકાસ માટેના પ્રયત્નો કરી રહી છે, જેમકે પીએમ-જનમન યોજના, ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ યોજના વગેરે દ્વારા આદિવાસી સમુદાયના સર્વાંગી વિકાસ માટેના પ્રયત્નો થઈ રહ્યા છે, ગુજરાત રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા 15 મી નવેમ્બર, 2024 ના રોજ આહવા, જી.ડાંગ ખાતે ભગવાન બિરસા મુંડાની 150 મી જન્મ જયંતી અને જનજાતિય ગૌરવ દિવસની ઉજવણી નિમિત્તે રાજ્યકક્ષાનો કાર્યક્રમ યોજીને ‘ધરતી આબા ભગવાન બિરસા મુંડા રથ’નું પ્રસ્થાન કરાવેલ છે. આ રથ 14 આદિવાસી જિલ્લાઓ અને 54 આદિવાસી તાલુકામાં ફરીને આદિવાસી સમુદાયના લોકોને સરકારી યોજનાઓ અંગે માહિતગાર અને જાગૃત કરવાનું કાર્ય થઈ રહ્યું છે અને યોજનાના



લાભાર્થીઓને લાભનું સીધુ વિતરણ પણ કરવામાં આવી રહ્યું છે. આજે આદિવાસી વિદ્યાર્થીઓને શિક્ષણ દ્વારા અનેક શૈક્ષણિક યોજનાઓનો લાભ મળી રહ્યો છે. આદિવાસી ખેડૂતો-પશુપાલકોને ‘રવિ કૃષિ મહોત્સવ-2024’ દ્વારા પ્રત્યક્ષ માહિતી અને લાભો પણ અપાય રહ્યા છે. આમ, સરકાર દ્વારા સતત આદિવાસી સમુદાયના સર્વાંગી વિકાસ માટેના પ્રયત્નો થઈ રહ્યા છે.

આ મહોત્સવ કાર્યક્રમમાં મહીસાગર જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી બાબુભાઈ પટેલ, દાહોદ જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી કરણસિંહ ડામોર, જિલ્લા કલેકટરશ્રી નેહા કુમારી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી, પ્રાયોજના વહીવટદારશ્રી, ટી.આર.આઇ.ના નિયામકશ્રી ડો. સી. સી. ચૌધરી, અનુસૂચિત જનજાતિ મોરચાના અધ્યક્ષશ્રી અર્જુનભાઈ ચૌધરી, અનુસૂચિત જાતિ મોરચોના અધ્યક્ષશ્રી ગૌતમભાઈ ગેડિયા, સ્થાનિક આગેવાનો, મહેમાનશ્રીઓ, પદાધિકારીશ્રીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં મહીસાગર, દાહોદ, પંચમહાલ, ખેડા અને આણંદ થી 3,500 થી વધારે આદિવાસી સમુદાયના ભાઈઓ-બહેનો અને યુવાનો જોડાયા હતા.




આ મહોત્સવમાં ઉપસ્થિત રહેલ આદિવાસી લાભાર્થી ભાઈઓ-બહેનોને વિવિધ સરકારી યોજનાઓની સહાયના લાભનું વિતરણ કરવામાં આવ્યું હતું. આદિવાસી રમત વીરોને એવોર્ડ અને વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર વ્યક્તિઓને પ્રશસ્તિ પત્રથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં આદિજાતિ કેબિનેટ મંત્રીશ્રી ડો.કુબેરભાઈ ડીંડોર, મહાનુભાવો, મહેમાનો અને પદાધિકારીઓએ વિવિધ સ્ટોલોની મુલાકાત લીધી હતી. આ પ્રદર્શનમાં આદિવાસી હસ્તકલા-કૃતિ, ટ્રાઇબલ મિલેટ્સ, આણંદ કૃષિ યુનિવર્સિટીના વિવિધ કૃષિ વિકાસની ટેકનોલોજી, પ્રાકૃતિક ખેતીના બીજ, જનસેવા કેન્દ્રની સેવાઓ, મેડિકલ સેવાઓ અને ટેકનિકલ બાણના સ્ટોલોનો સમાવેશ થાય છે. આ મહાનુભાવોએ તમામ સ્ટોલોની મુલાકાત લઈને આદિવાસી હસ્ત કલાકારો, વૈદુ-ભગતો, આદિવાસી ખેડૂતો, અધિકારીઓ વગેરેને પ્રોત્સાહિત કર્યા હતા.



તા.7-12-2024 ના રોજ સેમિનાર સત્રમાં ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટીના નિયામકશ્રી ડો. સી. સી. ચૌધરી એ 'ભગવાન બિરસા મુંડાનું જીવન અને યોગદાન' વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું. આ વ્યાખ્યાનમાં તેમણે જણાવ્યું કે ભગવાન બિરસા મુંડાએ 25 વર્ષની ખૂબ જ નાની આયુમાં ભારત દેશ અને આદિવાસી સમુદાયને ગૌરવ અને સન્માન અપાવે તેવું કાર્ય કરીને ગયા છે, તેથી તેમનું જીવન અને યોગદાન સમજવું આજના દિવસે ખૂબ જ અગત્યનું છે. બિરસા મુંડાએ તે સમયે અંગ્રેજો, શાહુકારો અને જમીનદારો દ્વારા થતા શોષણ, અન્યાય અને અત્યાચાર સામે અવાજ ઉઠાવ્યો હતો. આ સમયગાળામાં આદિવાસી સમુદાયના જળ, જમીન, જંગલોના અધિકારોનો પણ તેઓ ભોગવટો કરી શકતા ન હતા. એવા સમયે બિરસા મુંડાએ આદિવાસી સમુદાયને જાગૃત અને સંગઠિત કરી, અંગ્રેજો, શાહુકારો અને જમીનદારો સામે ચળવળના મંડાણ માંડ્યા હતા. બિરસા મુંડાએ 1899 ના વર્ષ દરમિયાન આખું વર્ષ અંગ્રેજો સામે લડત લડી હતી અને અંતે સન્ 1900 માં અંગ્રેજોની કૂટનીતિ દ્વારા શહીદી વહોરી હતી. આજે ભગવાન



બિરસા મુંડાને ભારત દેશ અને આદિવાસી સમુદાય એક વીર યોદ્ધાની જેમ જોવે છે અને આદિવાસી સ્વતંત્ર સેનાની તરીકેની ઓળખ આપે છે.

ત્યારબાદ ખેતીવાડી અધિકારી (લુણાવાડા) શ્રી જી.આર.પટેલ દ્વારા 'પ્રાકૃતિક ખેતી' અને શ્રી કાળુભાઈ તાવિયાડ દ્વારા 'વન અને પર્યાવરણ' વિષય સંદર્ભે વ્યાખ્યાન અને માર્ગદર્શન આપ્યું હતું.




આ કાર્યક્રમમાં સ્થાનિક આદિવાસી સંસ્કૃતિ અને કળાને ઉજાગર કરતા વિવિધ આદિવાસી નૃત્ય રજૂ કરવામાં આવ્યા હતા. આ નૃત્યોમાં ટીમલી નૃત્ય, તલવાર નૃત્ય, ઘેરૈયા નૃત્ય (રાઠવા નૃત્ય) મેવાસી નૃત્ય, હોળી નૃત્ય (ઢોલ નૃત્ય) વગેરે પ્રસ્તુત કરવામાં આવ્યા હતા. આ નૃત્યમાં આદિવાસી પ્રદેશની વિવિધ સંસ્કૃતિ, કલા, પહેરવેશ, વાદ્ય વાજિંત્રો, નૃત્યના ચાળાઓ વગેરેના દર્શન થાય છે.




અંતમાં ખેતીવાડી અધિકારીશ્રી (વિસ્તરણ) દ્વારા આ મહોત્સવ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ સૌ મહાનુભાવો, મહેમાનો, સ્થાનિક આગેવાનો અને પદાધિકારીઓનો આભાર વ્યક્ત કરી કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

# ફોટો ગેલેરી




















**ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી, બિરસા મુંડા ભવન, ગાંધીનગર**